# પ્રેસનોટ

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૦૪/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરના તમામ જાહેર માર્ગો, મુખ્ય રોડ, તમામ મોલ, માર્કેટ વિસ્તારમાં સફાઈઅને ટેકનીકલ વિભાગ દ્વારા ફૂટપાથ રીપેરીંગ, સ્ટ્રોમ વોટર ડ્રેઈનની સફાઈ અને પેચવર્કની કામગીરી હાથધરવામાં આવેલ હતી.

આ સફાઈ ઝુંબેશ સેન્ટ્રલ ઝોનમાંઅઠવાગેટથી મજુરાગેટ અને ભાગલ માર્કેટ,વરાછા એ-ઝોનમાંબોમ્બે માર્કેટ થી ઝોન ઓફીસ થઇ જે.બી.ડાયમંડ સર્કલ,વરાછાઝોન બી-માંએ.આર મોલ થી ઉત્રાણ વી.આઇ.પી સર્કલ,રાંદેર ઝોનમાંધનમોર કોમ્પ્લેક્સ થી સરદાર બ્રિજ અને અડાજણ ડી માર્ટ રોડ અડાજણગામ, કતારગામ ઝોનમાંપારસ માર્કેટ,ઉધનાઝોન એ-માંવિજયાનગર શાક માર્કેટથી ડૉ.સ્નેહલ તલાટીના દવાખાના સુધી,ઉધનાઝોન બી-માંપાલી ભારતીય તેલ પેટ્રોલ પંપ સામે,અઠવા ઝોનમાંઅઠવા ગેટ થી પાર્લે પોઈન્ટ અનેલીંબાયત ઝોનમાંસંજય નગર સર્કલ થી લિલીયાવાળા ખાડી બ્રીજ,મીઠીખાડીખાતે હાથ ધરવામાં આવેલ હતી.જેમાં તમામ ઝોનમાં કુલ૧૧૭૨ સફાઈ કામદાર/બેલદાર, ૭૨ સુપરવાઈઝર,૮૯ વાહનો દ્વારાઝોનલ ચીફશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ૫૩૦૦લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ૯૮મે.ટન કચરો અને ૩૦૬મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલવામાં આવેલ, વધુમાં ભીના કચરાનું કમ્પોસ્ટીંગ બેડ ખાતેમોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ૩૧૫ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૨૮૨ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૬૨૭ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરાંત આઆવતીકાલ તા.૦૫-૦૬-૨૦૨૪ ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિતે શહેરમાં વૃક્ષા રોપણ, સિંગલ યુઝ પ્લાસ્ટીક અંગેની જાગૃતિ અને કલેક્શન ડ્રાઈવ હાથ ધરી વહીવટી ચાર્જ વસુલવાની કામગીરી હાથ ધરવામાં આવશે.